

ભાઈ ! આ મનુષ્યભવ અમૂલ્ય છે, તેનો એક સમય પણ કૌસ્તુભમણિ કરતાં પણ મહા મૂલ્યવાન છે. પોતાનું હિત કરવા આ અવતાર છે. આ ભવ, ભવનો અભાવ કરવા માટે છે, પણ અરે પ્રભુ ! તું ક્યાં અટકી ગયો ?!

*—કરુણાસાગર ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

કહાન સં. ૨૫ સં. ૨૦૬૧ [૭૪૦] * આત્મધર્મ * [અંક-૧૨ વર્ષ-૬૧] વીર સં. ૨૫૩૧ જૂન-૨૦૦૫

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ અનાદિકાળના અપરિચયથી ભલે તને કદાચ તે ધર્મકાર્ય દુઃખરૂપ લાગે, તેમજ અનાદિકાળના અતિ પરિચયથી એ અધર્મ કાર્ય તારી અસદ્‌બુદ્ધિને લીધે સુખરૂપ સમજાય પણ વસ્તુતાયે તેમ નથી. એ તો માત્ર તારી મોહપૂર્ણ દૃષ્ટિનો વિભ્રમ છે. ૮૭૩.

*(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૮)*

❀ જે ગૃહસ્થ જીવન સ્ત્રી, પુત્ર અને ધન આદિ પદાર્થોના સમૂહથી ઉત્પન્ન થયેલ અત્યંત ભયાનક અને વિસ્તૃત મોહના સમુદ્ર સમાન છે તે ગૃહસ્થ જીવનમાં ઉત્તમ સાત્ત્વિક ભાવથી આપવામાં આવેલું ઉત્કૃષ્ટ દાન સમસ્ત ગુણોમાં શ્રેષ્ઠ હોવાથી નૌકાનું કામ કરે છે. ૮૭૪.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, દાન-અધિકાર, શ્લોક-૫)*

❀ ધર્મનો સત્યાર્થ માર્ગ દેખાડનારા સ્વાધીન ગુરુનો સુયોગ મળવા છતાં પણ જેઓ નિર્મળ ધર્મનું સ્વરૂપ સાંભળતા નથી તે પુરુષો દુષ્ટ અને ધીઠ ચિત્તવાળા છે; તેમ જ ભવભયથી રહિત સુભટ છે. ૮૭૫.

*(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૯૩,*
*પં. ટોડરમલ્લજીએ મોક્ષમાર્ગપ્રકાશમાં આ ગાથા ઉદ્ધૃત કરી છે, પાનું-૨૪)*

❀ વાત્સલ્ય અંગ પણ સ્વ અને પરના વિષયના ભેદથી બે પ્રકારથી છે, તેમાં જે પોતાના આત્માની સાથે સંબંધ રાખવાવાળું વાત્સલ્ય છે તે પ્રધાન (મુખ્ય) છે તથા સંપૂર્ણ પર આત્માઓની સાથે સંબંધ રાખવાવાળું જે વાત્સલ્ય છે તે ગૌણ છે.

પરિષહ-ઉપસર્ગાદિ દ્વારા પીડિત થવા છતાં પણ કોઈ શુભાચાર, જ્ઞાન અને ધ્યાનમાં શિથિલતા ન આવવા દેવી તે જ પ્રથમનું સ્વાત્મસંબંધી વાત્સલ્ય છે. ૮૭૬.

*(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૮૦૬-૮૦૭)*

❀ જેમ સૂર્ય ઘોર અંધકારને નિમિષમાત્રમાં નષ્ટ કરી નાંખે છે, તેમ આત્માની ભાવના વડે પાપો એક ક્ષણમાં નષ્ટ થઈ જાય છે. ૮૭૭.

*(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૭૫)*

કહાન
સંવત-૨૫
વર્ષ-૬૧
અંક-૧૨
[૭૪૦]




વીર
સંવત
૨૫૩૧
સં. ૨૦૬૧
June
A.D. 2005

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

### ધર્મરત્ન ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના
### સાંવત્સરિક ઉપકાર-સ્મૃતિદિન નિમિત્તે

# વૈરાગ્ય-પ્રેરક વચનામૃત

❀ હે જીવ! હું અકિંચન છું અર્થાત્ મારું કાંઈ પણ નથી એવી સમ્યક્ ભાવના પૂર્વક તું નિરંતર રહે, કારણ કે એ જ ભાવનાના સતત ચિંતવનથી તું ત્રૈલોક્યનો સ્વામી થઈશ. આ વાત માત્ર યોગીશ્વરો જ જાણે છે. એ યોગીશ્વરોને ગમ્ય એવું પરમાત્મતત્ત્વનું રહસ્ય મેં તને સંક્ષેપમાં કહ્યું. ૧. *(શ્રી આત્માનુશાસન)*

❀ સર્વ ક્ષેત્ર કે સર્વ કાળમાં કોઈ પણ પ્રકાર વડે જીવ કાળથી બચતો નથી કે બચશે પણ નહિ. સર્વ શરીરધારી પ્રાણીઓ એ પ્રચંડ કાળને વશ વર્તી રહ્યા છે. એ પ્રત્યક્ષ જોઈને હે જીવ! પ્રતિ પળે વિનાશ સન્મુખ જતાં શરીરને રાખવાની ચિંતા છોડી એક નિજ આત્માને જ રાગ-દ્વેષાદિ દુષ્પરિણામોથી હણાતો બચાવ, બચાવ! વિનાશી પદાર્થને રાખવાની માથાકૂટ છોડી એ અવિનાશી નિજ આત્મપદનું રક્ષણ કર, રક્ષણ કર! અને દેહનાશની ચિંતાથી નિશ્ચિત થા, કારણ કે એ નિજપદ નથી પણ પર પદ છે. ૨. *(શ્રી આત્માનુશાસન)*

❀ આ જગત ઈન્દ્રજાળ તથા કેળના સ્તંભ સમાન કેવળ નિ:સાર છે, એ શું તું નથી જાણતો? નથી સાંભળ્યું? વા પ્રત્યક્ષ નથી દેખાતું? હે જીવ! આપ્તજનોના મરણ પાછળ શોક કરવો એ નિર્જન અરણ્યમાં પોક મૂકવા સમાન વ્યર્થ છે. જે ઉત્પન્ન થયો છે તે મરશે જ. મરણના સમયે તેને કોણ બચાવી શકે તેમ છે? છતાં મૂર્ખ

મનુષ્ય સંબંધીજનોના મરણ પાછળ શોક કરે છે એ જ અનાદિ કાલીન મોહની ઘેલછા છે. ૩. *(શ્રી આત્માનુશાસન)*

❀ આ અજ્ઞાની પ્રાણી, અમુક મરી ગયા, અમુક મરણ સન્મુખ છે અને અમુક ચોક્કસ મરશે જ–આમ હંમેશા બીજાના વિષયમાં તો ગણતરી કર્યા કરે છે. પરંતુ શરીર, ધન, સ્ત્રી આદિ વૈભવમાં મહા મોહથી પકડાયેલો મૂર્ખ મનુષ્ય પોતાની સમીપ આવેલા મૃત્યુને દેખતો પણ નથી. ૪. *(શ્રી સુભાષિતરત્નસંદોહ)*

❀ હે ભાઈ! તારી નજર સામે તું શું નથી જોતો કે આ જગત કાળરૂપ પ્રચંડ પવનથી નિર્મૂળ થઈ રહ્યું છે! ભ્રાંતિને છોડ! જગતમાં કોઈની નામ માત્રની પણ સ્થિરતા નથી. જે દિવસની મંગળમય પ્રભાત જણાય છે, તે જ દિવસ અસ્તપણાને પ્રાપ્ત થાય છે. ભાઈ! આ જગતનો સ્વભાવ જ ક્ષણભંગુર છે. પહાડ જેવા વિસ્તીર્ણ જણાતાં રૂપોનો ઘડી પછી અવશેષ પણ જણાતો નથી. કોણ જાણે શા કારણથી તું એ ઈન્દ્રજાળવત્ જગતના ઈષ્ટ પદાર્થોમાં આશા બાંધી ભમ્યા કરે છે! ૫.

*(શ્રી આત્માનુશાસન)*

❀ જે જીવને જે કાળમાં જે વિધાનથી જન્મ-મરણ ઉપલક્ષણથી દુઃખ-સુખ-રોગ-દરિદ્ર આદિ થવું સર્વજ્ઞદેવે જાણ્યું છે તે એ જ પ્રમાણે નિયમથી થવાનું છે અને તે જે પ્રમાણે થવા યોગ્ય છે તે પ્રાણીને તે જ દેશમાં તે જ વિધાનથી નિયમથી થાય છે તેને ઈન્દ્ર કે જિનેન્દ્ર-તીર્થંકકદેવ કોઈ પણ અટકાવી શકતા નથી. ૬.

*(શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા)*

❀ નવ નિધિ, ચૌદ રત્ન, ઘોડા, મત્ત ઉત્તમ હાથીઓ, ચતુરંગિણી સેના આદિ સામગ્રીઓ પણ ચક્રવર્તીને શરણરૂપ નથી. તેનો અપાર વૈભવ તેને મૃત્યુથી બચાવી શકતો નથી.

જન્મ, જરા, મરણ, રોગ અને ભયથી પોતાનો આત્મા જ પોતાની રક્ષા કરે છે. કર્મનો બંધ, ઉદય અને સત્તાથી ભિન્ન પોતાનો આત્મા જ આ સંસારમાં શરણરૂપ છે. કર્મોનો ક્ષય કરીને જન્મ–જરા–મરણાદિના દુઃખોથી પોતાનો આત્મા જ પોતાને બચાવે છે. ૭. *(શ્રી કુંદકુંદાચાર્ય, બાર ભાવના)*

❀ જિનકી ભૌંહકે કટાક્ષોંકે પ્રારંભમાત્રસે બ્રહ્મલોક પર્યંતકા યહ જગત

ભયભીત હો જાતા હૈ, તથા જિનકે ચરણોંકે ગુરુભારકે કારણ પૃથ્વીકે દબનેમાત્રસે પર્વત તત્કાલ ખંડ ખંડ હો જાતે હૈં, ઐસે ઐસે સુભટોંકો ભી, જિનકી કિ અબ કહાનીમાત્ર હી સુનનેમેં આતી હૈં, ઇસ કાલને ખા લિયા હૈ. ફિર યહ હીનબુદ્ધિ જીવ અપને જીનેકી બડી ભારી આશા રખતા હૈ, યહ કૈસી બડી ભૂલ હૈ! ૮.

*(શ્રી જ્ઞાનાર્ણવ)*

❀ એક જીવ બીજા કોઈ જીવના વિષયમાં શોક કરતો કહે છે કે અરેરે! મારા નાથનું મરણ થયું. પરંતુ તે પોતાના માટે શોક કરતો નથી કે હું સ્વયં સંસાર-સમુદ્રમાં ડૂબેલો છું. સંસારમાં જીવ જેવી રીતે બીજાના વિષયમાં વિચાર કરે છે તેવી જ રીતે પોતાના માટે પણ જો વિચાર કરે તો શીઘ્ર પોતાનું હિત થાય. પરંતુ જીવ પોતાના વિષયમાં ઘણું કરીને વિચાર કરતો નથી. ૯. *(શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર)*

❀ મનુષ્ય પ્રાણીની દુર્લભતા અને ઉત્તમતાને લઈને વિધિરૂપ મંત્રીએ તેની અનેક પ્રકારે રક્ષા કરી. દુષ્ટ પરિણામી નર્કના જીવોને અધો ભાગમાં રાખ્યા, લોકની ચારે તરફ અનેક મહાન અલંઘ્ય સમુદ્ર તથા તેની ચારે તરફ ઘનોદધિ, ઘન અને તનુ એ નામના ત્રણ પવનથી વીંટી વિસ્તીર્ણ કોટ કરી રાખ્યો અને વચ્ચે જતનથી મનુષ્ય-પ્રઃણીને રાખ્યા. આટલા આટલા વિધિના પૂર્ણ જાપ્તા છતાં પણ મનુષ્ય-પ્રાણી મરણથી ન બચ્યાં. અહો! યમરાજ અત્યંત અલંઘ્ય છે. ૧૦. *(શ્રી આત્માનુશાસન)*

❀ દૈવ ઔર મૃત્યુ દોનોંકા હી નિરાકરણ નહીં હો સકતા તબ રક્ષણ યા શરણકે લિયે કિસીકા ભી અનુસરણ કરના યા કિસીકે સામને દીનતા પ્રકાશિત કરના વ્યર્થ હી હૈ. ક્યોંકિ ન તો કોઈ મેરે ભાગ્યમેં પરિવર્તન કર સકતા હૈ ઔર ન મેરી મૃત્યુકો હી રોક સકતા હૈ. યે દોનોં કાર્ય અવશ્યમ્ભાવી હૈં અત-એવ ઇનકે લિયે ધૈર્યકા અવલંબન લેના હી સત્પુરુષોંકો ઉચિત હૈ. ૧૧. *(શ્રી અનગાર-ધર્મામૃત)*

❀ જો જીવ મૃત્યુ નામ કલ્પવૃક્ષકૂં પ્રાપ્ત હોતૈં હૂં અપના કલ્યાણ નાહીં સિદ્ધ કિયા સો જીવ સંસારરૂપ કર્દમમૈં ડૂબા હુઆ પીછૈં કહા કરસી? ૧૨.

*(મૃત્યુમહોત્સવ)*

❀ તાડના વૃક્ષથી તૂટેલું ફળ નીચે પૃથ્વી ઉપર પડવા માંડ્યા પછી વચ્ચે ક્યાં સુધી રહે? તેમ જન્મ થયા પછીનું જીવન આયુ-સ્થિતિમાં ક્યાં સુધી રહે? બહુ જ

અલ્પકાળ અને તે પણ અનિયત. તેથી હે ભવ્ય! આ દેહાદિને આમ ક્ષણભંગુર જાણીને વાસ્તવિક અવિનાશી પદનું સાધન બીજા બધાં કાર્યોને જતાં કરીને પણ ત્વરાએ કરી લેવું એ જ સુયોગ્ય છે, કારણ જીવન-સમય બહુ સાંકડો છે. ૧૩.

*(શ્રી આત્માનુશાસન)*

❀ યદિ યહ શરીર બાહિર કે ચમડેસે ઢકા હુઆ નહિ હોતા તો મક્ખી કૃમિ તથા કૌએસે ઈસકી રક્ષા કરને મેં કોઈ સમર્થ નહીં હોતા ઐસે ઘૃણાસ્પદ શરીરકો દેખકર સત્પુરુષ જબ દૂરહીસે છોડ દેતે હૈં તબ ઈસકી રક્ષા કૌન કરે? ૧૪.

*(શ્રી જ્ઞાનાર્ણવ)*

❀ કરના ક્યા હૈ ઔર કરતા ક્યા હૈ? યહ બાત અપને ધ્યાનમે નહીં રખતા ઔર ગાંઠકી પૂંજી ખોકર ઉલ્ટી માર ખાતા હૈ અર્થાત્ માનવદેહ વ્યર્થમેં ખો રહા હૈ. ૧૫.

(શ્રી બુધજન સત્સઈ)

❀ આ અલ્પ આયુષ્ય અને ચંચળ કાયાને એ (મોક્ષ) માર્ગમાં ખપાવી દેતાં જો પરમ શુદ્ધ ચૈતન્યઘન અવિનાશી નિઃશ્રેયસની પ્રાપ્તિ થતી હોય તો તને ફૂટી કોડીના બદલામાં ચિંતામણિરત્નથી પણ અધિક પ્રાપ્ત થયું છે એમ સમજ. હે જીવ! સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ એ ચાર આરાધનાની ઉત્તરોત્તર વૃદ્ધિ અને શુદ્ધિમાં તારા આ માનવજીવનનો જે કાળ છે, તેટલું જ તારું સફળ આયુષ્ય છે એમ સમજ. ૧૬.

*(શ્રી આત્માનુશાસન)*

❀ આત્મા ગમે તેવા સંયોગમાં પણ પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. પોતાની શાંતિને પ્રગટ કરવામાં જગતનો કોઈ બાહ્ય પદાર્થ વિઘ્ન કરવામાં સમર્થ નથી. ગમે તેવા આકરાં પ્રસંગો આવી પડે, દીકરો મરી જાય, દીકરી રાંડે, જંગલમાં એકલો પડી ગયો હોય ને કોલેરા આદિનો આકરો રોગ થઈ ગયો હોય, ક્ષુધા-તૃષાની આકરી વેદના હોય કે સિંહ વાઘ ફાડી ખાવા આવ્યો હોય કે ગમે તેવા આકરાં પ્રસંગ આવી પડે તોપણ તે સંયોગનું લક્ષ છોડીને અંદરમાં આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકવા સમર્થ છે. બાહ્યમાં રહેલી પ્રતિકૂળતા અંદરમાં આત્મશાંતિને રોકી શકતી નથી. શાસ્ત્રમાં તો કહે છે કે નરકની એક ક્ષણની પીડા એવી છે કે તેને કોટિ જીભથી કોટિ વર્ષ સુધી કહેવામાં આવે તોપણ એ પીડા કહી શકાય નહીં એવી આકરી

નરકની પીડા છે છતાં ત્યાં પણ એ સંયોગનું ને પીડાનું લક્ષ છોડી દે તો આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકે છે. ભાઈ! તારું તત્ત્વ હાજરા-હજૂર છે. તેમાં લક્ષ કરીને પોતાની શાંતિ પ્રગટ કરી શકાય છે. ૧૭. *(પૂજ્ય ગુરુદેવશ્રી, દૃષ્ટિનાં નિધાન)*

❀ અરિહંતદેવકી પ્રતિમાકા સ્થાન જિનાલય, શ્રી જિનેન્દ્રદેવ (જિન-પ્રતિમા), જૈનશાસ્ત્ર, દીક્ષા દેનેવાલે ગુરુ, સંસારસાગરસે તૈરનેકે કારણ પરમ તપસ્વીયોંકે સ્થાન સમ્મેદશિખર આદિ, દ્વાદશાંગરૂપ સિદ્ધાંત, ગદ્ય-પદ્યરૂપ રચના ઈત્યાદિ જો વસ્તુ અચ્છી યા બૂરી દીખનેમેં આતી હૈં વે સબ કાલરૂપી અગ્નિકા ઈંધન હો જાવેગી. ૧૮. *(શ્રી પરમાત્મપ્રકાશ)*

❀ તે ભવ્યજીવને હું પ્રશંસું છું—ધન્ય માનું છું કે જેને નરકાદિ દુઃખનું સ્મરણ કરતાં જ, હરિ-હરાદિકની ઋદ્ધિની સમૃદ્ધિ પ્રત્યે પણ ઉદાસભાવ ઊપજે છે. ૧૯. *(શ્રી ઉપદેશ-સિદ્ધાંતરત્નમાળા)*

❀ પરાક્રમ હી હૈ અદ્વિતીય રસ જિસકે, ઐસા યહ મનુષ્ય તબ તક હી ઉદ્ધત હોકર દૌડતા કૂદતા હૈ જબ તક કિ કાલરૂપી સિંહકી ગર્જનાકા શબ્દ નહિ સુનતા. અર્થાત્ તેરી મૌત આ ગઈ ઐસા શબ્દ સુનતે હી સબ ખેલકૂદ ભૂલ જાતા હૈ. ૨૦. *(શ્રી જ્ઞાનાર્ણવ)*

❀ દુનિયા કે ધંધે કરતા ફિરતા હૈ, અપના કાર્ય નહીં કરતા, અપની ઝોંપડી જલ રહી હૈ ઉસકો બુઝાતા નહીં, દૂસરોં કે ઘરકા ઈલાજ કરતા ફિરતા હૈ. ૨૧. *(શ્રી બુધજન સતસઈ)*

❀ દેવના ઈન્દ્ર, અસુરના ઈન્દ્ર અને ખગેન્દ્ર જે જે છે તે તે બધાનો જેમ હરણને સિંહ મારી નાખે છે તેમ મૃત્યુ નાશ કરે છે. ચિંતામણિ વગેરે મણિરત્નો, મોટા મોટા રક્ષામંત્ર, તંત્ર ઘણા હોવા છતાં મરણથી તે કોઈ બચાવી શકતું નથી. ૨૨. *(શ્રી છઢાળા)*

❀ બીજાના દુઃખો સાંભળીને ઘણી વખત સાંભળનારાઓને અરેરાટી થઈ જાય છે પણ તે અરેરાટ (વૈરાગ્ય) સાચો નથી. જીવને દુઃખ અપ્રિય છે એટલે દુઃખની વાત સાંભળવામાં આવતાં ઉદાસીન ભાવ આવી જાય છે, પણ આ ઉપરથી એમ ન સમજવું કે તેને સંસારથી ખરો અરેરાટ થયો છે. તેને તો ચક્રવર્તીની ઋદ્ધિ

સાંભળી હર્ષ થાય છે. સંસારથી સાચા વિરક્તભાવવાળાને તો ચક્રવર્તીની ઋદ્ધિનું વર્ણન કે નારકીના દુઃખનું વર્ણન બંનેમાં સંસારનું દુઃખ સરખું જ લાગે છે. બંને તરફ સરખો જ ઉદાસીન ભાવ હોય છે. ૨૩. *(દૃષ્ટિનાં નિધાન)*

❀ હે જીવ! જ્યાં સુધી વૃદ્ધાવસ્થા ન આવે, જ્યાં સુધી રોગરૂપ અગ્નિ શરીરરૂપી તારી ઝૂંપડીને ન બાળે, જ્યાં સુધી ઇન્દ્રિયોનું બળ ન ઘટે ત્યાં સુધીમાં તારું આત્મહિત કરી લે. ૨૪. *(શ્રી ભાવપાહુડ)*

❀ કોઈ અતિ નિંદ્રાવશ મનુષ્યને તેના મર્મસ્થાન ઉપર મુદગરની ચોટ મારે, અથવા અગ્નિના આતાપથી દેહને જરા ઉષ્ણતા લાગે, અથવા ક્યાંય વાજિંત્રોના અવાજ સાંભળે તો તે તુરત જાગૃત થઈ જાય છે. પરંતુ અવિવેકી જીવને તો પાપકર્મફળના ઉપરા ઉપરી ઉદયરૂપ મુદગરના માર મર્મસ્થાન ઉપર પડ્યા કરે છે, મહાદુઃખરૂપ ત્રિવિધ તાપથી તેનો દેહ નિરંતર બળી રહ્યો છે અને આજ આ મર્યો, કાલ આ મર્યો, ફલાણો આમ મર્યો અને ફલાણો તેમ મર્યો, એવા યમરાજના વાજિંત્રોના ભયંકર શબ્દો વારંવાર સાંભળે છે, છતાં એ મહા અકલ્યાણકારક અનાદિ મોહનિંદ્રાને જરાય વેગળી કરી શકતો નથી, એ પરમ આશ્ચર્ય છે. ૨૫. *(શ્રી આત્માનુશાસન)*

❀ ઈસ લોકમેં રાજાઓંકે યહાં જો ઘડીકા ઘંટા બજતા હૈ ઔર શબ્દ કરતા હૈ સો સબકે ક્ષણિકપનકો પ્રગટ કરતા હૈ; અર્થાત્ જગતકો માનો પુકાર પુકાર કર કહતા હૈ કિ હે જગતકે જીવોં! જો કુછ અપના કલ્યાણ કરના ચાહતે હો શીઘ્ર હી કર લો, નહીં તો પછતાઓંગે. ક્યોંકિ યહ જો ઘડી બીત ગઈ વહ કિસી પ્રકાર ભી પુનર્બાર લૌટકર નહીં આયેગી, ઈસી પ્રકાર અગલી ઘડી ભી જો વ્યર્થ હી ખો દોગે તો વહ ભી ગઈ હુઈ નહીં લૌટેગી. ૨૬. *(શ્રી જ્ઞાનાર્ણવ)*

❀ સિંહ ચારે કોર ફરતા હોય ને જેમ ઊંઘ ન આવે, હથિયારબંધ પોલીસ પોતાને મારવા માટે ફરતી હોય ને જેમ ઊંઘ ન આવે તેમ તત્ત્વનિર્ણય ન કરે ત્યાં સુધી એને (આત્માર્થીને) સુખેથી ઊંઘ પણ ન આવે. ૨૭. *(દૃષ્ટિનાં નિધાન)*

❀ તિર્યંચગતિમેં છેદન-ભેદનકે દ્વારા જો દુઃખ ઉઠાયે હૈં ઉનકો કોઈ મનુષ્ય કરોડો જિહ્વાઓંકે દ્વારા ભી કહને કો સમર્થ નહીં હૈં. ૨૮. *(શ્રી સારસમુચ્ચય)*

❀ સંસારકી સમસ્ત વસ્તુયેં દેખ લી. ઉનમેં પ્રેમ કરને યા આસક્તિ કરને યોગ્ય કોઈ ભી વસ્તુ નહીં હૈ. સૂર્ય કા ઉદય હોના ઔર અસ્ત હોના જૈસા પ્રગટ દિખાઈ દેતા હૈં વૈસે હી સમસ્ત વસ્તુયેં અપને ઢંગસે આતી–જાતી રહતી હૈં. ૨૯.

*(શ્રી બુધજન-સતસઈ)*

❀ શરીરના એક એક તસુમાં ૯૬-૯૬ રોગ છે, એ શરીર ક્ષણમાં દગો દેશે, ક્ષણમાં છૂટી જશે. કાંઈક સગવડતા હોય ત્યાં ઘુસી જાય છે, પણ ભાઈ! તારે ક્યાંક જવું છે ત્યાં કોનો મેહમાન થઈશ? કોણ તારું ઓળખીતું હશે? એનો વિચાર કરીને તારું તો કાંઈક કરી લે? શરીર સારું હોય ત્યાં સુધી આંખ ઉઘડે નહિ ને ક્ષણમાં દેહ છૂટતાં અજાણ્યા સ્થાને હાલ્યો જઈશ! નાની નાની ઉંમરના પણ ચાલ્યા જાય છે. માટે તારું કાંઈક કરી લે. શાસ્ત્રમાં કહ્યું છે કે વૃદ્ધાવસ્થા જ્યાં સુધી ન આવે, શરીરમાં વ્યાધિ જ્યાં સુધી ન આવે અને ઈન્દ્રિયો જ્યાં સુધી ઢીલી ન પડે ત્યાં સુધીમાં આત્મહિત કરી લેજે. ૩૦. *(દૃષ્ટિનાં નિધાન)*

❀ હે ભવ્ય! યદિ તુજે અપના અપકાર કરનેવાલેકે ઉપર ક્રોધ આતા હૈ તો તૂ ઈસ ક્રોધકે ઉપર હી ક્રોધ ક્યોં નહીં કરતા? કારણ કે વહ તો તેરા સબસે અધિક અપકાર કરનેવાલા હૈ. વહ તેરે ધર્મ અર્થ ઔર કામરૂપ ત્રિવર્ગકો મોક્ષ પુરુષાર્થકો ઔર યહાઁ તક કિ તેરે જીવિતકો ભી નષ્ટ કરનેવાલા હૈ. ફિર ભલા ઈસસે અધિક અપકારી ઓર દૂસરા કૌન હો સકતા હૈ? કોઈ નહીં. ૩૧. *(શ્રી સુભાષિતરત્નસંદોહ)*

❀ ઈસ લોકમેં ગૃહ, ચંદ્ર, સૂર્ય, તારે તથા છહ ઋતુ આદિ સબ હી જાતે ઔર આતે હૈં અર્થાત્ નિરંતર ગમન આગમન કરતે રહતે હૈં. પરંતુ જીવોંકે ગયે હુએ શરીર સ્વપ્નમેં ભી કભી લૌટકર નહિ આતે. યહ પ્રાણી વૃથા ઇનસે પ્રીતિ કરતા હૈ. ૩૨. *(શ્રી જ્ઞાનાર્ણવ)*

❀ મનુષ્ય મનમાં પ્રતિદિન પોતાના કલ્યાણનો જ વિચાર કરે છે, પરંતુ આવેલી ભવિતવ્યતા (દૈવ) તે જ કરે છે કે જે તેને રુચે છે. તેથી સજ્જન પુરુષ રાગ-દ્વેષરૂપી વિષ રહિત થઈને મોહના પ્રભાવથી અતિશય વિસ્તાર પામતા અનેક વિકલ્પોનો ત્યાગ કરીને સદા સુખપૂર્વક સ્થિતિ કરો. ૩૩. *(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

❀ આ સંસારમાં સમસ્ત પદાર્થો વિષય અર્થાત્ ભોગ્ય વસ્તુ છે. તે સર્વનો

યોગ મોટા પુણ્યવાનને પણ સર્વાંગપણે મળતો નથી અર્થાત્ એવું કોઈ પુણ્ય જ નથી કે જે વડે બધાય મનોવાંચ્છિત (પદાર્થો) મળે. ૩૪. *(શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા)*

❀ હે મૂર્ખ પ્રાણી! સંસારકે ભીતર હોનેવાલે દુખોંસે તુજે વૈરાગ્ય ક્યોં નહીં આતા હૈ જિસસે તૂ ઈસ સંસારમેં વિષયોંકે ભીતર ફસા હુઆ લોભ દ્વારા જીત લિયા ગયા હૈ? ૩૫. *(શ્રી સારસમુચ્ચય)*

❀ હે વિદ્વજનો! ધન, મહેલ અને શરીર આદિના વિષયમાં મમત્વબુદ્ધિ છોડીને શીઘ્રતાથી કાંઈ પણ પોતાનું એવું કાર્ય કરો કે જેથી આ જન્મ ફરીથી પ્રાપ્ત ન કરવો પડે. બીજા સેંકડો વચનોના બાહ્ય ડોળથી તમારું કાંઈ પણ ઈષ્ટ સિદ્ધ થવાનું નથી. આ જે તમને ઉત્તમ મનુષ્યપર્યાય આદિ સ્વહિત-સાધક સામગ્રી પ્રાપ્ત થઈ છે તે ફરીથી પ્રાપ્ત થશે અથવા નહિ થાય એ કાંઈ નક્કી નથી અર્થાત્ તેનું ફરી પ્રાપ્ત થવું બહુ જ કઠણ છે. ૩૬. *(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

❀ હે જીવ! આત્મકલ્યાણને અર્થે કાંઈક યત્ન કર! કર! કેમ શઠ થઈ પ્રમાદી બની રહે છે? જ્યારે એ કાળ પોતાની તીવ્ર ગતિથી આવી પહોંચશે ત્યારે યત્ન કરવા છતાં પણ તે રોકાશે નહિ—એમ તું નિશ્ચય સમજ. ક્યારે, ક્યાંથી અને કેવી રીતે એ કાળ અચાનક આવી ચડશે તેની પણ કોઈને ખબર નથી. એ દુષ્ટ યમરાજ જીવને કાંઈ પણ સૂચના પહોંચાડ્યા સિવાય એકાએક હુમલો કરે છે તેનો તો કાંઈક ખ્યાલ કર! કાળની અપ્રહત અરોક ગતિ આગળ મંત્ર, તંત્ર અને ઔષધાદિ સર્વ સાધન વ્યર્થ છે. ૩૭. *(શ્રી આત્માનુશાસન)*

❀ દેખો! ઈન જીવોંકા પ્રવર્તન કૈસા આશ્ચર્યકારક હૈ કિ શરીર તો પ્રતિદિન છીજતા જાતા હૈ ઔર આશા નહિ છીજતી હૈ; કિન્તુ બઢતી જાતી હૈ, તથા આયુર્બલ તો ઘટતા જાતા હૈ ઔર પાપકાર્યોમેં બુદ્ધિ બઢતી જાતી હૈ, મોહ તો નિત્ય સ્ફૂરાયમાન હોતા હૈ ઔર યહ પ્રાણી અપને હિત વા કલ્યાણમાર્ગમેં નહીં લગતા હૈ. સો યહ કૈસા અજ્ઞાનકા માહાત્મ્ય હૈ! ૩૮. *(શ્રી જ્ઞાનાર્ણવ)*

❀ બહુત બીત ગઈ, થોડી સી રહ ગઈ, ઐસા અપને હૃદયમેં વિચાર કરો. અબ કિનારે કે અત્યન્ત સમીપ હો, અબ ભી યદિ ભૂલ કી તો સંસાર-સમુદ્રમેં ડૂબના હી પડેગા. ૩૯. *(શ્રી બુધજન-સતસઈ)*

❀ જેના રાગે જીવ અનાદિકાળથી સંસારી બની અનંત દુઃખને અનુભવી રહ્યો છે તથા જેના આત્યંતિક ક્ષયથી અનંત સંસારદુઃખોથી મુક્ત થવાય છે એવો કોઈ મુખ્ય પદાર્થ હોય તો માત્ર શરીર જ છે, તો હવે એ શરીરને એક વખત એવું છોડવું જોઈએ કે જેથી ફરીને ઉત્પન્ન જ થાય નહિ. બાકી બીજી નાની નાની નહિ જેવી ક્ષુદ્ર વાતો તરફ એકાંત ધ્યાન આપવાથી શું સિદ્ધિ છે? ૪૦. *(શ્રી આત્માનુશાસન)*

❀ જિસ સંસારમેં અનેક ઉપાયોંસે પાલન પોષણ કરકે બઢાઈ હુઈ ભી યહ દેહ ભી અપની નહીં હોતી હૈ વહાં પૂર્વમેં બાંધે હુએ અપને અપને કર્મોંકે વશ પડે હુએ પુત્ર, સ્ત્રી, મિત્ર, પુત્રી, જમાઈ વ પિતા આદિક બિલકુલ જુદે પદાર્થ કિન જીવોંકે અપને પ્રગટપને હો સકતે હૈં? ઐસા જાન કર બુદ્ધિમાન માનવકો સદા અપની બુદ્ધિ અપને આત્મામેં સ્થિર કરની ઉચિત હૈ. ૪૧. *(શ્રી તત્ત્વભાવના)*

❀ જિસ ઘરમેં પ્રભાતકે સમય આનન્દોત્સાહકે સાથ સુંદર સુંદર માંગલિક ગીત ગાયે જાતે હૈં, મધ્યાહ્નકે સમય ઉસી હી ઘરમેં દુઃખકે સાથ રોના સુના જાતા હૈ.

પ્રભાતકે સમય જિસકે રાજ્યાભિષેકકી શોભા દેખી જાતી હૈ ઉસી દિન ઉસ રાજાકી ચિતાકા ધૂઆં દેખનેમેં આતા હૈ. યહ સંસારકી વિચિત્રતા હૈ. ૪૨.

*(શ્રી જ્ઞાનાર્ણવ)*

❀ જ્યાં પ્રાણી વારંવાર અનેક પ્રકારની અવસ્થાઓરૂપ વેશોની ભિન્નતાથી નટસમાન આચરણ કરે છે એવા તે સંસારમાં જો ઈષ્ટનો સંયોગ થાય છે તો વિયોગ તેનો અવશ્ય થવો જોઈએ; જો જન્મ છે તો મૃત્યુ પણ અવશ્ય હોવું જોઈએ: જો સંપત્તિ છે તો વિપત્તિ પણ અવશ્ય હોવી જોઈએ તથા જો સુખ છે તો દુઃખ પણ અવશ્ય હોવું જોઈએ. તેથી સજ્જન મનુષ્યે ઈષ્ટ સંયોગાદિ થતાં તો હર્ષ અને ઈષ્ટ વિયોગાદિ થતાં શોક પણ ન કરવો જોઈએ. ૪૩. *(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

❀ સંસારમાં લોકો પોતાના કોઈ સંબંધી મનુષ્યનું મૃત્યુ થતાં જે વિલાપપૂર્વક ચીસો પાડીને રુદન કરે છે તથા તેનો જન્મ થતાં જે હર્ષ કરે છે તેને ઉન્નત બુદ્ધિના ધારક ગણધર આદિ પાગલપણું કહે છે. કારણ કે મૂર્ખતાવશ જે ખોટી પ્રવૃત્તિઓ કરવામાં આવી હોય તેનાથી થતાં કર્મના પ્રકૃષ્ટ બંધ અને તેના ઉદયથી સદા આ આખુંય વિશ્વ મૃત્યુ અને ઉત્પત્તિની પરંપરાસ્વરૂપ છે. ૪૪. *(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

❀ જે વીર છે તેને પણ મરવું પડે છે તથા જે વીર નથી તે પણ અવશ્ય મરે છે. જો વીર તથા કાયર બંને મરે જ છે તો વીરતાથી અર્થાત્ સંકલેશ રહિત પરિણામોથી મરવું જ શ્રેષ્ઠ છે. હું શાંત પરિણામી થઈને પ્રાણોનો ત્યાગ કરીશ. ૪૫.

*(શ્રી મૂલાચાર)*

❀ જિન તીર્થંકરોંકે ચરણોંકો ઈન્દ્ર ચક્રવર્તી આદિ લોક-શિરોમણિ પુરુષ અપની કાંતિરૂપી જલસે ધોતે હૈં, જો લોક-અલોકકો દેખનેવાલે કેવલજ્ઞાનરૂપી રાજ્યલક્ષ્મીકે ધારી હૈ ઐસે તીર્થંકર ભી આયુકર્મકે સમાપ્ત હોને પર ઈસ શરીરકો છોડકર મોક્ષકો ચલે જાતે હૈં, તો ફિર અન્ય અલ્પાયુધારી માનવોંકે જીવનકા ક્યા ભરોંસા? ૪૬. *(શ્રી સુભાષિતરત્નસંદોહ)*

❀ ઈસ સંસારમેં યે જો પ્રખ્યાત પુણ્યશાલી ચંદ્ર, સૂર્ય, દેવેન્દ્ર, નરેન્દ્ર, નારાયણ, બલભદ્ર આદિ કીર્તિ, કાંતિ, દ્યુતિ, બુદ્ધિ, ધન ઔર બલકે ધારી હૈં, વે ભી યમરાજકી દાઢમેં જાકર, અપને-અપને સમય પર મૃત્યુકો પ્રાપ્ત હોતે હૈં, તબ દૂસરોંકી તો બાત હી ક્યા હૈ? અતઃ બુદ્ધિમાનોંકો ધર્મમેં મન લગાના ચાહિયે. ૪૭.

*(શ્રી સુભાષિતરત્નસંદોહ)*

❀ જેવી રીતે પક્ષીઓ રાત્રે કોઈ એક વૃક્ષ ઉપર નિવાસ કરે છે અને પછી સવાર થતાં તેઓ સહસા સર્વ દિશાઓમાં ચાલ્યા જાય છે, ખેદ છે કે તેવી જ રીતે મનુષ્ય પણ કોઈ એક કુળમાં સ્થિત રહીને પછી મૃત્યુ પામીને અન્ય કુળનો આશ્રય કરે છે. તેથી વિદ્વાન મનુષ્ય તેને માટે કાંઈ પણ શોક કરતા નથી. ૪૮.

*(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

❀ શ્રુતિ (આગમ), બુદ્ધિ, બલ, વીર્ય, પ્રેમ, સુંદરતા, આયુ, શરીર, કુટુંબીજન, પુત્ર, સ્ત્રી, ભાઈ ઔર પિતા આદિ સબ હી ચાલનીમેં સ્થિત પાનીકે સમાન સ્થિર નહીં હૈં–દેખતે દેખતે હી નષ્ટ હોનેવાલે હૈં. ઈસ બાતકો પ્રાણી દેખતા હૈ તો ભી ખેદકી બાત હૈ કિ વહ મોહવશ આત્મકલ્યાણકો નહીં કરતા હૈં. ૪૯.

*(શ્રી સુભાષિતરત્નસંદોહ)*

❀ જીવનકે ક્ષણભંગુર હોનેસે હી સંસારકી સુખદાયક વસ્તુઓંકા કોઈ મૂલ્ય નહીં હૈ. ઈસીસે ઈન્હેં ત્યાજ્ય કહા હૈ. યદિ ચંચલ નેત્રવાલી યુવતિયોંકે યૌવન ન

ઢલતા હોતા, યદિ રાજાઓંકી વિભૂતિ બિજલીકે સમાન ચંચલ ન હોતી, અથવા યદિ યહ જીવન વાયુસે ઉત્પન્ન હુઈ લહરોંકે સમાન ચંચલ ન હોતા તબ કૌન ઈસ સાંસારિક સુખસે વિમુખ હોકર જિનેન્દ્રકે દ્વારા ઉપદિષ્ટ તપશ્ચરણ કરતા! ૫૦.

*(શ્રી સુભાષિતરત્નસંદોહ)*

❀ દુર્નિવાર દૈવના પ્રભાવથી કોઈ પ્રિય મનુષ્યનું મરણ થઈ જાય તો અહીં શોક કરવામાં આવે છે તે અંધારામાં નૃત્ય શરૂ કરવા બરાબર છે. સંસારમાં બધી વસ્તુઓ નાશ પામે છે—એમ ઉત્તમ બુદ્ધિ દ્વારા જાણીને સમસ્ત દુઃખોની પરંપરાનો નાશ કરનાર ધર્મનું સદા આરાધન કરો. ૫૧. *(શ્રી પદ્મનંદિ-પંચવિંશતિ)*

❀ હે આત્મન્! ઈસ સંસારમેં સંગ કહિયે ધન-ધાન્ય સ્ત્રી-કુટુંબાદિક મિલાપરૂપ જો પરિગ્રહ હૈ વે ક્યા તુઝે વિષાદરૂપ નહીં કરતે હૈં? તથા યહ શરીર હૈ, ઓ ક્યા રોગોંકે દ્વારા છિન્નરૂપ વા પીડિત નહિ કિયા જાતા હૈ? તથા મૃત્યુ ક્યા તુઝે પ્રતિદિન ગ્રસને કે લિયે મુખ નહિ ફાડતી હૈ? ઔર આપદાયેં ક્યા તુઝસે દ્રોહ નહિ કરતી હૈ? ક્યા તુઝે નરક ભયાનક નહિ દીખતે? ઔર યે ભોગ હૈ સો ક્યા સ્વપ્નકે સમાન તુઝે ઠગનેવાલે (ધોખા દેનેવાલે) નહીં હૈ? જિસસે કિ તેરે ઈન્દ્રજાલ સે રચે હુએ કિન્નરપુર કે સમાન ઈસ અસાર સંસારમેં ઇચ્છા બની હુઈ હૈ? ૫૨. *(શ્રી જ્ઞાનાર્ણવ)*

❀ જે શરીર દુષ્ટ આચરણથી ઉપાર્જિત કર્મરૂપી કારીગર દ્વારા રચવામાં આવ્યું છે, જેના સાંધા અને બંધનો નિંદ્ય છે, જેની સ્થિતિ વિનાશ સહિત છે અર્થાત્ જે વિનશ્વર છે, જે રોગાદિ દોષો, સાત ધાતુઓ અને મળથી પરિપૂર્ણ છે, અને જે નષ્ટ થવાનું છે, તેની સાથે જો આધિ (માનસિક ચિંતા), રોગ, વૃદ્ધાવસ્થા અને મરણ આદિ રહેતા હોય તો એમાં કોઈ આશ્ચર્ય નથી. પરંતુ આશ્ચર્ય તો કેવળ એમાં છે કે વિદ્વાન મનુષ્ય પણ તે શરીરમાં સ્થિરતા શોધે છે. ૫૩. *(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

❀ જો સૌથી પ્રથમ સંસારના ભયથી મોક્ષસુખમાં દૃઢ રુચિ ઉત્પન્ન થાય છે તો તે (મોક્ષસુખની) પ્રાપ્તિનો સહેલો ઉપાય છે. ૫૪. *(શ્રી તત્ત્વજ્ઞાન-તરંગિણી)*

❀ સમસ્ત લોકનો સાર નિઃસાર છે એમ સમજીને તથા સંસાર અનંત અપાર છે એમ જાણીને, લોકના અગ્ર શિખર ઉપર નિવાસ કરવો એ જ સુખકારક અને

નિરુપદ્રવ છે, તેમ પ્રમાદ છોડીને ચિંતન કરો અર્થાત્ મોક્ષસ્થાન જ આ લોકમાં સાર તથા પૂર્ણ નિરુપમ સુખનું સ્થાન છે એમ સમજીને તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ. ૫૫. *(શ્રી મૂલાચાર, લોકાનુપ્રેક્ષા)*

❀ તત્કાલ પ્રાણોને હરનારું ઝેર ખાઈ લેવું સારું, ભયંકરપણે સળગતી અગ્નિમાં પ્રવેશીને બળીને રાખ થઈ જવું સારું અને અન્ય કોઈ પણ કારણ વડે યમરાજની ગોદમાં સમાઈ જવું સારું, પરંતુ તત્ત્વજ્ઞાનથી રહિતપણે આ સંસારમાં જીવવું સારું નથી. ૫૬. *(શ્રી સુભાષિતરત્નસંદોહ)*

❀ જિન રામકી કીર્તિધ્વજા તીનોં લોકમેં પ્રખ્યાત થી ઉન રામકો ભી જિસને નષ્ટ કર ડાલા ઉસ મૃત્યુકી અન્ય પ્રાણીયોંકો મારનેકી કથા હી વ્યર્થ હૈ ક્યોંકિ જો નદીકા પ્રવાહ હાથીકો બહા લે જાતા હૈ ઉસકે લિયે ખરગોશકો ન બહા લે જાના કૈસે સંભવ હૈ? ૫૭. *(શ્રી સુભાષિતરત્નસંદોહ)*

❀ હે જીવ! નરક આદિ કુયોનિયોમાં તેં જે દુઃખ સહ્યા તેના અનુભવની વાત તો દૂર રહી, પરંતુ એ દુઃખોનું સ્મરણમાત્ર પણ મહા વ્યાકુળતા ઉપજાવે છે. આ માનવભવમાં નિર્ધન છતાં પણ તું નાના પ્રકારના ભોગનો અભિલાષી થયો થકો કામથી પૂર્ણ જે સ્ત્રી તેના મંદ મંદ હાસ્ય, તીક્ષ્ણ કટાક્ષ અને કામના તીવ્ર બાણથી વિંધાયો થકો બરફથી બળી ગયેલાં વૃક્ષ જેવી દશાને પ્રાપ્ત થયો છે એ જ મહા દુઃખને તો તું વિચાર? ૫૮. *(શ્રી આત્માનુશાસન)*

❀ હે અજ્ઞાની મનુષ્ય! આ સમસ્ત જગત ઈન્દ્રજાળ સમાન વિનશ્વર અને કેળના થડ સમાન નિઃસાર છે. આ વાત શું તું નથી જાણતો? શું શાસ્ત્રમાં સાંભળ્યું નથી? અને શું પ્રત્યક્ષ નથી દેખતો? અર્થાત્ તમે એને અવશ્ય જાણો છો, સાંભળો છો અને પ્રત્યક્ષપણે પણ દેખો છો તો પછી ભલા અહીં પોતાના કોઈ સંબંધી મનુષ્યનું મરણ થતાં શોક કેમ કરો છો? અર્થાત્ શોક છોડીને એવો કાંઈક પ્રયત્ન કરો કે જેથી શાશ્વત, ઉત્તમ સુખના સ્થાનભૂત મોક્ષને પામી શકો. ૫૯. *(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

❀ પોતાના કોઈ સંબંધી પુરુષનું મૃત્યુ થતાં જે અજ્ઞાનવશ શોક કરે છે તેની પાસે ગુણની ગંધ પણ નથી, પરંતુ દોષ તેની પાસે ઘણાં છે—એ નક્કી છે. આ શોકથી તેનું દુઃખ અધિક વધે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચારે પુરુષાર્થ નષ્ટ

થાય છે. બુદ્ધિમાં વિપરીતતા આવે છે તથા પાપ (અશાતાવેદનીય) કર્મનો બંધ પણ થાય છે, રોગ ઉત્પન્ન થાય છે અને અંતે મરણ પામીને તે નરકાદિ દુર્ગતિ પામે છે. આ રીતે તેનું સંસાર-પરિભ્રમણ લાંબુ થઈ જાય છે. ૬૦. *(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

❀ મનુષ્ય સમુદ્રો, પર્વતો, દેશો અને નદીઓને ઓળંગી શકે છે, પરંતુ મૃત્યુના નિશ્ચિત સમયને દેવ પણ નિમેષમાત્ર (આંખના પલકારા બરાબર) જરા પણ ઓળંગી શકતો નથી. આ કારણે કોઈ પણ ઇષ્ટજનનું મૃત્યુ થતાં ક્યો બુદ્ધિમાન મનુષ્ય સુખદાયક કલ્યાણમાર્ગ છોડીને સર્વત્ર અપાર દુઃખ ઉત્પન્ન કરનાર શોક કરે? અર્થાત્ કોઈ પણ બુદ્ધિમાન શોક કરતો નથી. ૬૧. *(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

❀ આ મનુષ્ય શું વાનો રોગી છે? શું ભૂત-પિશાચ આદિથી ગ્રહાયો છે? શું ભ્રાંતિ પામ્યો છે? અથવા શું પાગલ છે? કારણ કે તે 'જીવન આદિ વીજળી સમાન ચંચળ છે' આ વાત જાણે છે, દેખે છે અને સાંભળે પણ છે તોપણ પોતાનું કાર્ય (આત્મહિત) કરતો નથી. ૬૨. *(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

❀ દયારહિત યમરાજ જો મરણસે ડરતા હૈ ઉસકો છોડતા નહીં હૈ. ઈસલિયે બેમતલબ ડર ન કર. અપના ચાહા હુઆ સુખ કભી નહીં પ્રાપ્ત હોતા હૈ ઈસલિયે તૂ ઈસ સુખકી ઈચ્છા ન કર. જો મર ગયા–નષ્ટ હો ગયા ઉસકા શૌચ કરને પર લૌટકર નહીં આતા હૈ ઈસલિયે બેમતલબ શોક ન કર. સમજકર કામ કરનેવાલે વિદ્વાન બેમતલબ કામ કિસલિયે કરેંગે? ૬૩. *(શ્રી તત્ત્વભાવના)*

❀ હે શિષ્ય! જો કુછ પદાર્થ સૂર્યકે ઉદય હોનેપર દેખે થે વે સૂર્યકે અસ્ત હોનેકે સમય નહીં દેખે જાતે, નષ્ટ હો જાતે હૈં. ઈસ કારણ તૂ ધર્મકો પાલન કર, ધન ઔર યૌવન અવસ્થામેં ક્યા તૃષ્ણા કર રહા હૈ! ૬૪. *(શ્રી પરમાત્મપ્રકાશ)*

❀ જબ ઈન્દ્ર, ચંદ્ર આદિ ભી મરણકે દ્વારા નિશ્ચયસે નાશ કિયે જાતે હૈં તબ ઉનકે મુકાબલેમેં કીટકે સમાન અલ્પાયુવાલે અન્ય જનકી તો બાત હી ક્યા હૈ? ઈસલિયે અપને કિસી પ્રિયકે મરણ હો જાને પર વૃથા મોહ નહીં કરના ચાહિયે. ઈસ જગતમેં તૂ ઐસા કોઈ ઉપાય શીઘ્ર ઢૂંઢ જિસસે કાલ અપના દાવ ન કર સકે. ૬૫. *(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

❀ તીવ્ર રોગ ઔર કઠોર દુઃખરૂપી વૃક્ષોંસે ભરે સંસારરૂપી ભયાનક વનમેં

વૃદ્ધાવસ્થારૂપી શિકારીસે ડરકર મૃત્યુરૂપી વ્યાઘ્રકે ભયાનક મુખમેં ચલે ગયે પ્રાણીકો તીનો લોકમેં કૌન બચા સકતા હૈ? ઉસે યદિ બચા સકતા હૈ તો જન્મ-જરા-મરણકા વિનાશ કરનેવાલા જિનભગવાનકે દ્વારા ઉપદિષ્ટ ધર્મામૃત હી બચા સકતા હૈ. ઉસે છોડ અન્ય કોઈ નહીં બચા સકતા. ૬૬. *(શ્રી સુભાષિતરત્નસંદોહ)*

❀ પૂર્વોપાર્જિત દુર્નિવાર કર્મના ઉદયવશે કોઈ ઈષ્ટ મનુષ્યનું મરણ થતાં જે અહીં શોક કરવામાં આવે છે તે અતિશય પાગલ મનુષ્યની ચેષ્ટા સમાન છે. કારણ કે તે શોક કરવાથી કાંઈ પણ સિદ્ધ થતું નથી પરંતુ તેનાથી કેવળ એ થાય છે કે તે મૂઢ બુદ્ધિવાળા મનુષ્યના ધર્મ, અર્થ અને કામરૂપી પુરુષાર્થ આદિ જ નષ્ટ થાય છે. ૬૭. *(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

❀ સંપત્તિ, પુત્ર અને સ્ત્રી આદિ પદાર્થ ઊંચા પર્વતના શિખર પર સ્થિત અને વાયુથી ચલાયમાન દીપક સમાન શીઘ્ર જ નાશ પામનારા છે છતાં પણ જે મનુષ્ય તેમના વિષયમાં સ્થિરતાનું અભિમાન કરે છે તે જાણે મુટ્ઠીથી આકાશનો નાશ કરે છે અથવા વ્યાકુળ થઈને સૂકી નદી તરે છે અથવા તરસથી પીડાઈને પ્રમાદયુક્ત થયો થકો રેતીને પીવે છે. ૬૮. *(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

❀ જે સંસારમાં દેવોના ઈન્દ્રોનો પણ વિનાશ જોવામાં આવે છે; જ્યાં હરિ અર્થાત્ નારાયણ, હર અર્થાત્ રૂદ્ર અને વિધાતા અર્થાત્ બ્રહ્મા તથા આદિ શબ્દથી મોટા મોટા પદવી ધારક સર્વ કાળ વડે કોળીઓ બની ગયા તે સંસારમાં શું શરણરૂપ છે? ૬૯. *(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા)*

❀ હે આત્મારામ! તૂ દેહકે બુઢાપા ઔર મરનેકો દેખકર ડર મત કર. જો અજર અમર પરમબ્રહ્મ શુદ્ધ સ્વભાવ હૈ, ઉસકો તૂ આત્મા જાન. ૭૦.

*(શ્રી પરમાત્મપ્રકાશ)*

❀ જેમ કોઈ પુરુષ તપેલાં લોખંડના ગોળા વડે પરને ઈજા કરવા ઈચ્છતો થકો પ્રથમ તો પોતે પોતાને જ ઈજા કરે છે (-પોતે પોતાના જ હાથને બાળે છે), પછી પરને તો ઈજા થાય કે ન થાય -નિયમ નથી. તેમ જીવ તપેલાં લોખંડના ગોળા સમાન મોહાદિ પરિણામે પરિણમતો થકો પ્રથમ તો નિર્વિકાર સ્વસંવેદન જ્ઞાનસ્વરૂપ નિજ શુદ્ધ ભાવપ્રાણને જ ઈજા કરે છે, પછી પરના દ્રવ્યપ્રાણોને ઈજા થાય કે ન

થાય—નિયમ નથી. ૭૧. *(શ્રી પ્રવચનસાર-ટીકા)*

❀ મનુષ્ય મરણ પામેલાં જીવોના વિષયમાં સાંભળે છે તથા વર્તમાનમાં તે મરણ પામનાર ઘણા જીવોને સ્વયં દેખે પણ છે; તોપણ તે કેવળ મોહના કારણે પોતાને અતિશય સ્થિર માને છે. તેથી વૃદ્ધત્વને પ્રાપ્ત થવા છતાં પણ તે ઘણું કરીને ધર્મની અભિલાષા કરતો નથી અને તેથી જ પોતાને નિરંતર પુત્રાદિરૂપ બંધનોથી અત્યંતપણે બાંધે છે. ૭૨. *(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

❀ સંસારકો અનિત્ય, દુઃખોકા ઘર વ અસાર વિચારેં, શરીરકો અપવિત્ર વ નાશવંત સોચેં વ ઇન્દ્રિયભોગોંકો ક્ષણભંગુર વ અતૃપ્તિકારી જાનેં. સંસારકી સર્વ પર્યાયેં ત્યાગને યોગ્ય હૈં, કેવલ એક શુદ્ધ આત્માકી પરિણતિ હી ગ્રહણ કરને યોગ્ય હૈ. ઐસા વૈરાગ્ય જિસકો હોગા વહી મોક્ષપ્રાપ્તિ કરનેકા પ્રેમી હોગા. ૭૩.

*(શ્રી મમલપાહુડ)*

❀ તૂને કરોડોં ભવોંમેં જો બહુત કર્મ બાંધે હૈં ઉનકો નાશ કરને કે લિયે યદિ તૂ સામર્થ્ય ન પ્રગટ કરેગા તો તેરા જન્મ નિષ્ફલ હી બીત ગયા ઐસા સમજા જાયેગા. ૭૪. *(શ્રી સારસમુચ્ચય)*

❀ હે જીવ! કુટુંબી આદિ લોકોનો તારી સાથે કાંઈ સંબંધ નથી અને ન તારું તેમની સાથે કાંઈ આ લોક સંબંધી પ્રયોજન છે. એ તો પોતાના સ્વાર્થ માટે તારા શરીર ઉપર પ્રેમ રાખે છે માટે તું તારા આત્મહિતમાં મગ્ન થા. એ લોકો શરીરમાં તન્મય થઈ રહ્યાં છે, તેથી શરીરના જેવા જ જડબુદ્ધિ છે અને તું ચૈતન્ય છો, એમનાથી જુદો છો, તેથી રાગ-દ્વેષનો સંબંધ તોડીને પોતાનું આત્મબળ પ્રગટ કર અને સુખી થા. ૭૫. *(શ્રી નાટક સમયસાર)*

❀ "મનુષ્યપણું, આપ્ત ઉપદિષ્ટીત શ્રુતધર્મનું શ્રવણ, તે પ્રત્યે શ્રદ્ધા, અને અંતમાં સંયમને વિષે બળ-પરાક્રમનું ખર્ચવું એ ઉત્તરોત્તર અતિ અતિ દુર્લભ છે– એમ જાણી ઉપરોક્ત ચાર પરમ મંગલમાંથી મળેલ મનુષ્યપણાને બાકીના ત્રણ પરમ મંગલથી અલંકૃત કરો, શોભાવો!" રાજપદ તો શું પણ તેથીયે ઉત્કૃષ્ટ અનુપમ લક્ષ્મીના હેતુભૂત ધર્મને પ્રાપ્ત કરવાની આ દુર્લભ મોસમમાં કુસકા (વિનાશી વિભૂતિ) લેવા ભણી દોડી વ્યર્થ કાળ વ્યય કરવો એ સુબુદ્ધિમાનને યોગ્ય નથી. રાજ્યાદિ

વિનાશી ચપળ વિભૂતિ તો ધર્મ માર્ગે પ્રયાણ કરતાં વચ્ચે વચ્ચે સહેજે આવી મળશે. એ તરફની અતિ ઘેલી આતુરતા છોડો. ૭૬. *(શ્રી આત્માનુશાસન)*

❀ જિસ શરીરકો છોડકર જાના પડેગા વહ શરીર અપના કૈસે હો સકતા હૈ ઐસા વિચાર કર ભેદવિજ્ઞાની પંડિત શરીરસે ભી ઉસ મમત્વભાવકો છોડ દેતે હૈં. ૭૭. *(શ્રી સારસમુચ્ચય)*

❀ યહ જીવન તો બિજલીકે ચમત્કારકે સમાન ક્ષણભંગુર હૈ ઔર સ્ત્રી, પુત્ર, કુટુમ્બાદિકા સંયોગ સ્વપ્નકે સમાન હૈ, પ્રાણીયોંકે સાથ સ્નેહ સંધ્યાકી લાલીકે સમાન હૈં, તિનકે પર પડી હુઈ ઓસકી બિન્દુકે સમાન શરીર પતનશીલ હૈ. ૭૮. *(શ્રી સારસમુચ્ચય)*

❀ જે પોતાને સુખી કરે તે જ મિત્ર છે અને જે દુઃખી કરે તે શત્રુ એમ આબાલ-વૃદ્ધ સૌ કોઈ સમજે છે. મિત્ર થઈને પોતાને દુઃખી કરવા (જે) મર્યા તે તો શત્રુવત્ ઠર્યા, તેમનો મરવાનો શોચ શો કરવો? ૭૯. *(શ્રી આત્માનુશાસન)*

❀ આ લોકના મનુષ્યો સંપૂર્ણ પાપના ઉદયથી અશાતાવેદનીય નીચ ગોત્ર અને અશુભ નામ-આયુ આદિ દુષ્કર્મના વશથી એવા દુઃખો સહન કરે છે તોપણ પાછા પાપ જ કરે છે, પણ પૂજા-દાન-વ્રત-તપ અને ધ્યાનાદિ છે લક્ષણ જેનું એવા પુણ્યને ઉપજાવતા નથી એ મોટું અજ્ઞાન છે. ૮૦. *(શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા)*

❀ લોકમેં જો દુર્બુદ્ધિ મનુષ્ય, મરણકો પ્રાપ્ત હુએ મનુષ્યકે લિયે શોક કરતા હૈ વહ અપને પરિશ્રમકા વિચાર ન કરકે માનોં આકાશકો મુટ્ઠિયોંસે આહત કરતા હૈ અથવા (તેલકે નિમિત્ત) બાલુકે સમૂહકો પીલતા હૈ. ૮૧. *(શ્રી સુભાષિતરત્નસંદોહ)*

❀ હે જીવ! દેહનાં જરા-મરણ દેખીને તું ભય ન કર; પોતાના આત્માને તું અજર-અમર પરમ બ્રહ્મ જાણ. ૮૨. *(શ્રી પાહુડ-દોહા)*

❀ જિસ સંસારમેં પૃથ્વીકો ઉલટાનેમેં, આકાશમાર્ગસે ચંદ્ર-સૂર્યકો ઉતાર ફેકનેમેં, વાયુકો અચલ કરનેમેં, સમુદ્રકે જલકો પી ડાલનેમેં તથા પર્વતકો ચૂર્ણ કરનેમેં સમર્થ પુરુષ મૃત્યુકે મુખમેં પ્રવેશ કરતે હોં, વહાં દૂસરોંકી ક્યા સ્થિતિ હૈ? ઠીક હી હૈ, જિસ બિલમેં વનોંકે સાથ પર્વત સમા જાતા હૈ ઉસમેં પરમાણુકા સમા

જાના કૌન બડી બાત હૈ? ૮૩. (શ્રી સુભાષિતરત્નસંદોહ)

❀ જીવ એકલો મરે છે અને સ્વયં એકલો જન્મે છે; એકલાનું મરણ થાય છે અને એકલો રજરહિત થયો થકો સિદ્ધ થાય છે. ૮૪. (શ્રી નિયમસાર)

❀ મારું મરણ નથી તો મને ડર કોનો? મને વ્યાધિ નથી તો મને પીડા કેવી? હું બાળક નથી, હું યુવાન નથી. એ સર્વ અવસ્થાઓ પુદ્‌ગલની છે. ૮૫.

(શ્રી ઇષ્ટોપદેશ)

❀ જિસ મૃત્યુતૈં જીર્ણ દેહાદિક સર્વ છૂટિ નવીન હો જાય સો મૃત્યુ સત્પુરુષનિકૈ સાતાકા ઉદયકી જ્યોં હર્ષકે અર્થિ નહીં હોય કહા? જ્ઞાનીનિકૈ તો મૃત્યુ હર્ષકે અર્થિ હી હૈ. ૮૬. (મૃત્યુમહોત્સવ)

❀ સંસારમેં જિસકા ચિત્ત આસક્ત હૈ, અપના રૂપકૂં જે જાનૈ નહીં તિનકે મૃત્યુ હોના ભયકે અર્થિ હૈ. ઔર નિજસ્વરૂપકે જ્ઞાતા હૈં અર સંસારતૈં વિરાગી હૈં તિનકે મૃત્યુ હૈ સો હર્ષકે અર્થિ હી હૈ. ૮૭. (મૃત્યુમહોત્સવ)

❀ હે જીવ! જે પાપનો ઉદય જીવોને દુઃખ આપીને, શીઘ્ર મોક્ષ જવાને યોગ્ય ઉપાયોમાં બુદ્ધિ કરાવે છે તો તે પાપનો ઉદય પણ ભલો છે એમ જ્ઞાનીઓ કહે છે. ૮૮. (શ્રી પરમાત્મપ્રકાશ)

❀ કેટલાય મનુષ્યો સદા મહાન શાસ્ત્રસમૂહમાં પરિભ્રમણ કરતાં હોવા છતાં પણ, અર્થાત્ અનેક શાસ્ત્રોનું પરિશીલન કરતાં હોવા છતાં તે ઉત્કૃષ્ટ આત્મતત્ત્વને લાકડામાં શક્તિરૂપે વિદ્યમાન અગ્નિ સમાન જાણતા નથી. ૮૯.

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)

❀ કઠિન પરિશ્રમ કરીને યત્નથી કરવામાં આવેલાં સંસારનાં બધાં કાર્યો, પાણીમાં માટીની પૂતળીની જેમ, ક્ષણભરમાં બિલકુલ નાશ થઈ જાય છે. જ્યારે આમ છે ત્યારે હે મૂર્ખ! ઘણા ખેદની વાત છે કે એ સાંસારિક કાર્યની જ શા માટે પ્રવૃત્તિ કરવામાં આવે છે? બુદ્ધિમાન પ્રાણી ખાલી નિરર્થક પરિશ્રમ કરાવનારા કાર્યમાં ક્યારેય પણ નિશ્ચયથી વ્યાપાર કરતા નથી. ૯૦. (શ્રી તત્ત્વભાવના)

* * *

શ્રી કુંદકુંદ-કહાન દિ. જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટ, પાર્લા-સાન્તાક્રૂઝના સૌજન્યથી
અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં સાનંદ સંપન્ન—

# ૧૧૬મો શ્રી કહાનગુરુ-જન્મમહોત્સવ

## ધન્ય! વૈશાખી બીજ

અહો! ભવોદધિ તારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના મંગલ જન્મોત્સવની આનંદદાયી મહિમા શું કહી શકાય! જૈનજગતમાં જે મહત્વ તીર્થંકરોના જન્મકલ્યાણક-દિવસનું છે, ખરેખર એવું જ મહત્ત્વ મુમુક્ષુજગતમાં આપણા તીર્થંકરોપમ-તારણહાર, અધ્યાત્મ-માર્ગોદ્યોતક, પરમોપકારી પૂજ્ય કહાનગુરુદેવના વાર્ષિક મંગલ જન્મદિવસનું છે. વૈશાખ સુદ બીજને, આવા અસાધારણ મહાપુરુષને જન્મ આપીને, વસ્તુતઃ ઐતિહાસિક ધન્યતા ઉપલબ્ધ થઈ ગઈ!

## પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ

ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીની દિવ્યધ્વનિથી પ્રસૂત તથા ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રવાહિત સ્વાનુભવમુદ્રિત વિશુદ્ધ અધ્યાત્મધારાના સાતિશય પ્રભાવક અધ્યાત્મયુગસ્રષ્ટા ધર્મપુરુષ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૧૬મો ભક્તવૃંદઆનંદકારી વાર્ષિક મંગલ જન્મોત્સવ, તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ) માં તા. ૬-૫-૨૦૦૫ થી તા. ૧૦-૫-૨૦૦૫ સુધી પંચાહ્નિક ભવ્ય સમારોહપૂર્વક અતિ આનંદોલ્લાસ સહ સંપન્ન થયો. આ મંગલ મહોત્સવના આયોજક શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટ, પાર્લા-સાન્તાક્રૂઝના આબાલ-વૃદ્ધ સર્વે સદસ્યોને આ ગુરુ-જન્મોત્સવને અતિશય આનંદોલ્લાસપૂર્વક ઊજવવાનો અતિઉત્સાહ હતો.

## ગુરુ-ભક્તિની પ્રેરણાદાત્રી

સનાતન સત્ય વીતરાગમાર્ગના દાતા, પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ પ્રતિ ઉપકૃતભાવભીના ભક્ત્યુલ્લાસના આ મંગલ અવસર પર, કહાનગુરુ-ઉપકારમહિમા બતાવનાર પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ઉપકૃત-ભાવભીની પવિત્ર સ્મૃતિ સર્વે મુમુક્ષુઓને પોતાના સ્મૃતિપટ પર બરાબર ઉપસી આવતી હતી. જાણે સુવર્ણપુરીના અંતરીક્ષમાં તેઓની પરોક્ષ મંગલ ઉપસ્થિતિ જ મુમુક્ષુ ભક્તોને ગુરુભક્તિની સાતિશય ઉલ્લાસભરી પ્રેરણા આપતી હતી. ઉપરોક્ત મુમુક્ષુમંડળ દ્વારા આયોજિત આ પવિત્ર જન્મજયંતી-સમારોહમાં સર્વે મુમુક્ષુસમાજે તે કલ્યાણી મૂર્તિની ભક્તિપ્રેરણા ઝીલીને આ ૧૧૬ મો ગુરુ જન્મોત્સવ અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઊજવ્યો.

## ધર્મપ્રભાવનાપૂર્ણ આયોજન

ગુરુ-જન્મોત્સવની આ પવિત્ર વેળાએ દેશવિદેશથી લગભગ ૨૫૦૦ થી અધિક ગુરુભક્ત ઉપસ્થિત હતા. પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય ભગવતી માતા પ્રતિ સમર્પિત શ્રદ્ધાજીવનયુક્ત મુમુક્ષુઓ દ્વારા,

આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, કુંદકુંદ-પરમાગમ-સફળ-ગદ્યપદ્યાનુવાદક, ગુરુભક્ત પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહની ગુરુભક્તિભીની ઉલ્લાસવર્ધિની કલ્યાણી પંચપરમાગમ-ગુર્જરઅનુવાદરૂપ-ઉપકાર છાયામાં સંપન્ન કરેલો આ ગુરુ-જન્મોત્સવ વસ્તુતઃ સર્વેને ધર્મપ્રભાવનાવૃદ્ધિકારી તથા આનંદદાયી અનુભૂત થયો.

## આયોજકની ઉલ્લાસભીની કાર્યતત્પરતા

જેમના સૌજન્યથી આ મંગલ જન્મોત્સવ સુસંપન્ન થયો તે ઉપર્યુક્ત મુમુક્ષુમંડળના સર્વે સદસ્યોના મહાન સૌભાગ્યથી સમ્પ્રાપ્ત આ ગુરુ-જન્મોત્સવ ઊજવવાનો એટલો અધિક આનંદોલ્લાસ હતો કે તેઓએ સ્વયં પ્રસંગોચિત્ત 'બાળકોની જૈનશાળા', 'ચૈતન્યસૂર્ય પૂજ્ય શ્રી કહાનગુરુદેવ', 'કહાન મહિમા' તથા 'સુખ ક્યાં છે?' આદિ વિષય પર અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ,-જે ઘણા પ્રશંસનીય હતા- અતિ પરિશ્રમપૂર્વક મહિનાઓ સુધી, ગુરુભક્તિના મધુર ગીત ગાતા ગાતા તૈયાર કર્યા હતા. તથા સમાગત મહેમાનોની આગતાસ્વાગતા માટે ઉક્ત મંડળના ભાઈ-બહેનો સાધર્મીવાત્સલ્યથી પહોંચી જતાં હતાં.

## ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ગુરુભક્તિ-પદોથી અંકિત ભવ્ય 'બેનર' તથા વિવિધ ભવ્ય શોભાસાજથી વિભૂષિત મનોહર મંડપમાં ક્રમશઃ સવારે બહેનશ્રીની દેવગુરુભક્તિ તથા સ્વાનુભવ-રસભીની ઓડિયો-ધર્મચર્ચા, જિનેન્દ્ર-દર્શનપૂજા, પરમાગમમંદિરમાં 'ત્રિલોક-અકૃત્રિમ જિનાલય-મંડલવિધાન પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનાં પરમાગમ સમયસાર પર અધ્યાત્મ-રસપૂર્ણ સીડીપ્રવચન સમૂહ-ગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ; બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શ્રી સમયસાર તથા 'ગુરુદેવશ્રીના વચનામૃત' પર શાસ્ત્ર પ્રવચન, પરમાગમ મંદિરમાં સમૂહ જિનેન્દ્રભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, સાંજની ભક્તિ (સાંજી) ૧. શ્રી પ્રજ્ઞાબેન રાજુભાઈ શાહ, ૨. શ્રી હિંમતલાલ છોટાલાલ ઝોબાલિયા-પરિવાર, ૩. શ્રી જ્યોતિબેન પ્રવિણચંદ્ર શાહ અને ૪. શ્રી મધુભાઈ શાહ તરફથી; સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન, તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ (ઉપસ્થતિ મુમુક્ષુ સમાજે સાંસ્કૃતિક કાર્યક્રમની ખૂબ પ્રશંસા કરી હતી)-આ પ્રક્રમ બરાબર નિયમિત સુચારું ચાલતો હતો. વિધાન પૂજા, પ્રવચન તથા ભક્તિના પ્રત્યેક કાર્યક્રમમાં મુમુક્ષુઓની ઉપસ્થિતિથી જગા પુરી ભરાઈ જતી હતી. વિશેષ કાર્યક્રમમાં તા. ૫ મે, ગુરુવારના દિવસે રાજકોટમાં ગુરુજન્મજયંતીના ઉપલક્ષમાં પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલું. તેમાં ૩૫ પત્રકાર, મીડીયાના પ્રતિનિધિ, સાપ્તાહિકના સમાચારપ્રેષક, ઝી-ટીવી, આલ્ફા તથા દુરદર્શનના પ્રતિનિધિ ઉપસ્થિત હતા. ત્યાં ઉપસ્થિત મુમુક્ષુઓએ જન્મજયંતીનો વૃતાન્ત, પૂજ્ય ગુરુદેવશ્રીનો સંક્ષિપ્ત પરિચય, સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરીના વિષયમાં સંક્ષિપ્ત જાણકારી તથા જન્મજયંતી મહોત્સવની વિશેષ જાણકારી આપી હતી.

## ભવ્ય રથોત્સવ તથા કહાનકુંવર-પારણાઝૂલન

વાર્ષિક ગુરુ-જન્મોત્સવના હર્ષોપલક્ષમાં તા. ૯-૫-૨૦૦૫ ના દિવસે સાંજે 'ધાતકી-વિદેહના ભાવિ-તીર્થંકરદેવ'ના સમવસરણ-વિહારરૂપ ભવ્ય રથોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

નવનિર્મિત ભવ્ય રથની ગંધકૂટી પર બિરાજમાન ભાવિ-ભગવાનનો સમવસરણવિહાર સર્વે ભક્તોને અતિ આનંદપ્રદ અનુભૂત થતો હતો. રથયાત્રામાં વિભિન્ન અનેક ભવ્ય સાજ તથા વાજા સાથે 'કહાનકુંવરના પારણાઝુલન' નો અતિ મનોહર ફ્લોટ બધાનું ગુરુભક્તિભીનું ચિત પોતાની તરફ કેન્દ્રિત કરતો હતો (પારણાઝૂલનની બોલીનું સૌભાગ્ય શ્રી મુકુંદભાઈ કોઠારી તથા ચંદ્રકાંતભાઈ કોઠારી-પરિવારને સંપન્ન થયું હતું.) આ મંગલ રથોત્સવની ભવ્યતા જોઈને ઈતર ગ્રામજનતા પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ મહિમાનું સ્મરણ કરતી હતી. બ્રહ્મચારિણી બહેનોએ મહિલા વિભાગમાં તથા ભજનમંડળીએ પુરુષ વિભાગમાં મધુરા સંગીત દ્વારા રથોત્સવનું વાતાવરણ ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

આ મંગલ અવસર પર શાસ્ત્ર પ્રવચન સર્વશ્રી બ્ર. વ્રજલાલભાઈ, નિરંજનભાઈ (સુરત), હિંમતભાઈ ડગલી, રમેશભાઈ (સલાલ), બ્ર. ચંદુભાઈ ઝોબાલિયા તથા અધ્યાપનકાર્ય સર્વશ્રી ડૉ. પ્રવીણભાઈ, રમેશભાઈ (સલાલ) તથા સુભાષભાઈ શેઠે ગુરુમહિમાપૂર્ણ સુંદર શૈલીથી કર્યું હતું.

## ગુરુ-જન્મોત્સવ : વૈશાખી બીજ

## સભામંડપની શોભા તથા બીજનો કાર્યક્રમ

ગુરુ-જન્મ જયંતીના વાર્ષિક મંગલ દિવસે, મનોહર દ્રશ્યોથી વિભૂષિત સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીની તખ્તાસીન વિશાળ ભવ્ય પ્રતિકૃતિ (સ્ટેચ્યું) સમક્ષ ક્રમશઃ પ્રાતઃદર્શન, સદ્‌ગુરુદેવસ્તુતિ તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ પ્રણિપાત-સ્તુતિ, પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીનું વિડિયો-'માંગલિક', પ્રાસંગિક ભક્તિ તથા વંદના, પરમાગમમંદિરમાં 'ત્રિલોક-અકૃત્રિમ-જિનાલય-મંડલવિધાનપૂજા' તથા તેનું સમાપન, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન; તત્પશ્ચાત્ ગીત તથા જયકારપૂર્વક, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું (પ્રતિકૃતિના રૂપમાં) મંગલ પદાર્પણ, પૂજ્ય બહેનશ્રીએ કરેલી ગુરુજન્મવધાઈ તથા ગુરુભક્તિના વિડિયો દ્વારા દર્શન, તથા રજત-કળશોથી ગુરુ-પ્રતિકૃતિના ચરણપ્રક્ષાલનથી ગુરુ-જન્મવધાઈ; બપોરે શાસ્ત્રપ્રવચન, દેવગુરુભક્તિ; સાંજે જિનેન્દ્ર આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન, તીર્થયાત્રા- વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન અને અંતમાં બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા. ઉત્સવમાં મળેલ ગુરુદર્શન તથા બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચાથી સમાગત મહેમાનોને અત્યંત આનંદાનુભૂતિ થતી હતી.

સ્થાયી મંડલ વિધાન પૂજા : આ મંગલ અવસર પર સ્થાયી મંડલવિધાનપૂજા ૧૦૧ મહાનુભાવો તરફથી તથા પ્રાસંગિક મંડલવિધાનપૂજા ૮ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

પ્રસ્તુત કહાનગુરુ-જન્મોત્સવના પાંચે દિવસ સમાગત મહેમાનો માટે સવારે તથા સાંજે તથા સ્થાનીય મુમુક્ષુમંડલ માટે સવારનું જમણ (-સ્વામીવાત્સલ્ય) જન્મોત્સવ-આયોજક શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ, પાર્લા-સાન્તાક્રૂઝ તરફથી તથા સ્થાયી જમણ ૭ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

સોનગઢથી પ્રકાશિત ધાર્મિક સાહિત્યમાં કુલ ૨૦ ટકા ડિસકાઉન્ટ વિભિન્ન ૨ મહાનુભાવો તરફથી રાખવામાં આવેલું. •

આ મંગલ અવસર પર સંસ્થાને નીચે પ્રમાણે કુલ રૂા. ૫,૫૫,૭૭૦=૦૦ની ઉપજ થઈ હતી—

| | | |
|---|---|---|
| ૧. | ૧૧૬ના અંકમાં ૧૧૬×૧૪૦૮ | ૧,૬૩,૩૨૮=૦૦ |
| ૨ | પ્રાસંગિક વિધાનપૂજા ૮×૧૦૦૧ | ૮,૦૦૮=૦૦ |
| ૩. | રથયાત્રામાં બોલી | ૧,૦૦,૫૧૧=૦૦ |
| ૪. | રૂા. ૧૦૦૧ની વધાઈ ૧૦૦૧×૨૨ | ૨૨,૦૨૨=૦૦ |
| ૫. | રૂા. ૫૦૧ની વધાઈ ૫૦૧×૩૬૪ | ૧,૮૨,૩૬૪=૦૦ |
| ૬. | જિનેન્દ્ર-આરતીમાં | ૬,૦૧૮=૦૦ |
| ૭. | રથયાત્રા, પારણાઝુલન તથા જન્મવધાઈ સ્ટેજ પર | ૭૩,૫૧૯=૦૦ |
| | | કુલ રૂા. ૫,૫૫,૭૭૦=૦૦ |

તદ્ઉપરાંત મહોત્સવનો બધો ખર્ચ આયોજક શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડલ ટ્રસ્ટ, પાર્લા-સાન્તાક્રૂઝ તરફથી આપવામાં આવ્યો હતો.

## પંચાહ્નિક ઉપકાર-સ્મૃતિ

ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સોળમી સાવત્સરિક ઉપકાર-સ્મૃતિતિથિ (સમાધિતિથિ), તા. ૨૨-૫-૨૦૦૫ થી તા. ૨૬-૫-૨૦૦૫ (વૈશાખવદ ૩) સુધી —પાંચ દિવસ, સુવર્ણપુરીમાં તેઓના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તથા સ્વાનુભૂતિમાર્ગ—પ્રકાશનરૂપ અનેક અપાર ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનના ઉદાસીભર્યા વાતાવરણમાં સાદગીથી રાખવામાં આવી હતી.

❀ ❀ ❀

## આત્મધર્મ-વાર્ષિક શુલ્ક

આ જૂન માસથી આપનું આત્મધર્મનું વાર્ષિક લવાજમ પુરું થાય છે. આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઈચ્છતા હો તો કૃપા કરી વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ તાત્કાલિક મોકલશો. જો આપ આજીવન સ્થાયી ગ્રાહક બનવા ઈચ્છતા હો તો રૂા. ૧૦૧=૦૦ મોકલવા વિનંતી.

શ્રી રળિયાતબેન રાયચંદભાઈ શાહ, નાઈરોબી તરફથી પૂજ્ય ગુરુદેવશ્રી જન્મજયંતી અંકના પ્રકાશન ખાતે આજીવન સ્પોન્સર તરીકે સહયોગ મળેલ છે.

## સુવર્ણપુરી સમાચાર—

શુદ્ધાત્માનુભૂતિપ્રધાન-અધ્યાત્મબોધપ્રદાતા, પરમ-તારણહાર, પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તેમજ તદ્‌ભક્તશિરોમણિ, સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહિનશ્રી ચંપાબેનના ધર્મોપકારપ્રતાપથી, તેઓ ઉભય ધર્માત્માની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં, આપણા આદરણીય ઊંડા આદર્શ આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ ભરેલા માર્ગદર્શનમાં, જિનશાસનપ્રભાવનાના અંગરૂપ બધી ધાર્મિક ગતિવિધિ નિયમિત સુચારુ ચાલી રહી છે.

*** શ્રુતપંચમી પર્વ :**—જેઠ સુદ ૫, તા. ૧૨-૬-૨૦૦૫, રવિવારના દિવસે શ્રુતપંચમીપર્વ શ્રી ષટ્‌ખંડાગમ જિનવાણીની પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

*** આર્દ્રા નક્ષત્ર :**—તા. ૨૨-૬-૨૦૦૫, બુધવારના દિવસે સવારે ૩-૨૧ વાગે પ્રારંભ થાય છે.

* સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી–સમવસરણનું નિર્માણ વિ.સં. ૧૯૯૮માં રાણપુરનિવાસી શ્રી નારણદાસ કરશનજી શાહ તથા વઢવાણનિવાસી શ્રી ચંદુલાલ શિવલાલ સંઘવી તરફથી થયેલ. તેની ૬૪મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ (વૈશાખ વદ છઠ) તથા શ્રી સ્વાધ્યાયમંદિરના ઉદ્‌ઘાટન અને તેના વિશાલ પ્રવચનકક્ષમાં પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં પવિત્ર કમકમળે પરમાગમ શ્રી સમયસારની પ્રતિષ્ઠાની ૬૮મી વાર્ષિક તિથિ (વૈશાખ વદ આઠમ); તે બંને પ્રસંગ પૂજા તેમ જ ભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવેલ હતા.

### વિજ્ઞપ્તિ

પૂજ્ય ગુરુદેવશ્રીનો સંપૂર્ણ ઈતિહાસ લેખિતરૂપમાં આવી શકે એ હેતુએ આપના ગામ/નગરમાં પૂજ્ય ગુરુદેવશ્રી જ્યારે જ્યારે પધારેલ, એ સમયે પૂજ્ય ગુરુદેવશ્રી સાથે ઊજવાયેલ વિવિધ ઉત્સવ તથા પ્રસંગો, તારીખવાર તે સમયના મુખ્ય કાર્યકર્તા–વ્યક્તિનું નામ, પૂજ્ય ગુરુદેવશ્રી કેટલા દિવસ રોકાયેલા, આદિ વિવિધરૂપથી પૂજ્ય ગુરુદેવશ્રીનો પરિચય આપી શકે એવો લેખ અથવા વિગત ભાવવાહી એક બે ફોટોગ્રાફ સહિત 'શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢને મોકલવા વિનંતી.

એ ધ્યાનમાં રાખવું કે,

(૧) પૂજ્ય ગુરુદેવશ્રી સિવાય કોઈ અન્ય વ્યક્તિનું એમાં મહત્ત્વ ન આવવું જોઈએ.

(૨) આપના લેખમાં વિસંગતા ન આવે, એ હેતુએ આપનો લેખ મંડળ/સંઘ/સમાજના લેટરપેડ પર અધ્યક્ષના હસ્તાક્ષરથી મોકલવો.

(૩) લેખ કાગળની એક તરફ જ ફૂલસ્કેપ પેપરમાં વધુમાં વધુ બે પેઈઝમાં લખીને મોકલવો.

❀ ❀ ❀

## વૈરાગ્ય-સમાચાર :—

સોનગઢનિવાસી, પૂજ્ય બહેનશ્રીના આજીવન અંતેવાસી, બ્ર. શ્રી ઉષાબેન જગજીવનદાસ દોશી સાવરકુંડલાવાળા (વર્ષ-૬૬) તા. ૧૧-૩-૦૫ ના રોજ કેન્સરની અસહ્ય પીડામાં અત્યંત શાંતિપૂર્વક તેમ જ વીરતાપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ૧૭ વર્ષની ઉંમરે પૂજ્ય ગુરુદેવશ્રી સમક્ષ ૧૪ બહેનોની સાથે આજીવન બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા લઈને, પૂજ્ય બહેનશ્રીની સમાધિ સુધી તેઓશ્રીની નિશ્રામાં અંતેવાસી તરીકે જીવન વીતાવ્યું હતું. તેમનું સંપૂર્ણ જીવન સંતચરણની સેવા, ઉપાસના સાથે તત્ત્વ-આરાધનામય બની રહ્યું હતું. પૂજ્ય બહેનશ્રી પ્રતિ વિશેષ ભક્તિભાવ વશ, પૂજ્ય બહેનશ્રીની સમાધિ બાદ, તેઓશ્રીના જ્ઞાન-ઉપદેશનો સમસ્ત મુમુક્ષુ સમાજને લાભ મળીં રહે તે હેતુથી તેમણે પ્રભાવનાના અનેક કાર્યોમાં પાછલી જિંદગી વીતાવીને ધન્યતાના અનુભવપૂર્વક શાંતિથી દેહ છોડ્યો હતો.

પાલેજનિવાસી (હાલ વડોદરા) શ્રી યશવંતીબેન હસમુખલાલ કુંવરજીભાઈ તા. ૧૭-૧-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટનિવાસી (હાલ મુંબઈ) શ્રી શારદાબેન રતીલાલ ધીયા (વર્ષ-૯૦) તા. ૧૬-૨-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ દિગમ્બર મહિલા મંડળ, રાજકોટના સ્થાપક પ્રમુખ હતા. તેમનું જીવન દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના અને તત્ત્વની ઉપાસનામય હતું.

કાનાતળાવનિવાસી શ્રી દિવાળીબેન ભીમજીભાઈ પટેલ (વર્ષ-૧૦૦) તા. ૨૪-૨-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ઘણા વર્ષો સોનગઢ સ્થાયી રહીને લાભ લીધો હતો.

વિછીયાનિવાસી (હાલ-ભાવનગર) શ્રી વિજયાબેન વૃજલાલ ખારા (વર્ષ-૭૮) તા. ૨૭-૨-૦૫ના રોજ હાર્ટફેઈલ થતાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં ઘણાં વર્ષો સોનગઢ સ્થાયી રહીને લાભ લીધો હતો.

ભોપાલનિવાસી બ્ર. શ્રી રમેશચંદ્રજી પથરિયાવાળા તા. ૨૧-૩-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

પરનાળાવાળા શ્રી શકરીબેન ધારશીભાઈ (વર્ષ-૮૦) તા. ૮-૪-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં ઘણાં વર્ષો સુધી સોનગઢ સ્થાયી રહીને લાભ લીધો હતો.

રાણપુરનિવાસી (હાલ-મલાડ) સ્વ. પ્રેમચંદભાઈ મગનલાલ શેઠના પુત્ર શ્રી સૂર્યકાંતભાઈ (વર્ષ-૬૬) તા. ૮-૪-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વાંકાનેરનિવાસી (હાલ-અમદાવાદ) શ્રી જ્યંતીભાઈ ઉમેદચંદ શેઠ (વર્ષ-૭૬) તા. ૧૯-૪-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

અમદાવાદનિવાસી શ્રી બાબુભાઈ ગોપાલદાસ શાહ (વર્ષ-૮૫) તા. ૧૯-૪-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રી અમદાવાદ પધારતાં ત્યારે અનેકવાર તેમના નિવાસસ્થાને પૂજ્ય ગુરુદેવશ્રીના આવાસનો તેમને લાભ મળેલ હતો.

કાનાતળાવનિવાસી (હાલ-બોરીવલી), બોરીવલી મુમુક્ષુ મંડળના ટ્રસ્ટી શ્રી મનસુખભાઈ લાખાભાઈ પટેલ (વર્ષ-૫૯) તા. ૬-૪-૦૫ના રોજ અચાનક હાર્ટફેઈલ થતાં સ્વર્ગવાસ પામ્યા છે.

થાનગઢનિવાસી, અમદાવાદવાસી શ્રી વનેચંદભાઈ જેઠાલાલ શાહ (દોઢીવાળા) (વર્ષ-૯૦) તે બ્ર૦ ચંદુભાઈ ઝોબાળિયાના ફુવા—તા. ૧૧-૫-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમનું જીવન સત્પુરુષની ભક્તિ પ્રતિ અર્પાયેલું હતું. તેઓ સોનગઢ પ્રસંગોપાત્ત અનેક વાર આવતા હતા.

**શ્રી અમદાવાદ (ખાડીયા) તેમજ અમદાવાદના**
**સમસ્ત દિગંબર જૈન મુમુક્ષુમંડળ દ્વારા**
**અધ્યાત્મ-અતીશયતીર્થ સોનગઢમાં સાનંદોલ્લાસ સંપન્ન થવાવાળો**
**પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૯૨મો**

# મંગલ જન્મોત્સવ

સ્વાનુભવમુદ્રિત-અધ્યાત્મમાર્ગપ્રકાશક પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પરમ ભક્ત સ્વાનુભૂતિવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની—કે જેમનાં વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુમહિમાભીનાં તથા સ્વાનુભૂતિ-માર્ગપ્રકાશક ઉપકારકિરણો આપણા સાધનાપથને સદાય આલોકિત કરે છે. તેઓની-આપણી ઉપકૃતતાભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા માટે ૯૨મી વાર્ષિક જન્મજયંતી (શ્રાવણ વદ બીજ) સુવર્ણપુરીમાં, શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ (ખાડીયા) તથા અમદાવાદના સમસ્ત દિગંબર જૈન મુમુક્ષુમંડળના સૌજન્યથી અત્યંત ભક્તિભાવ સહિત ઊજવવામાં આવશે. આ વાર્ષિક મંગલ જન્મોત્સવનું આયોજન તા. ૧૭-૮-૨૦૦૫, બુધવારથી તા. ૨૧-૮-૨૦૦૫, રવિવાર—પાંચ દિવસ સુધી શ્રી રત્નત્રયમંડળવિધાનપૂજા, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુભક્તિ આદિ વિવિધ રોચક કાર્યક્રમસહિત અત્યંત ભક્તિયુલ્લાસથી ઊજવવામાં આવશે. આ મંગલ અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસપૂર્ણ સી.ડી. પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચન, તા. ૧૪-૮-૨૦૦૫ થી તા. ૨-૯-૨૦૦૫—વીસ દિવસ સુધી ચાલનાર (પુરુષો માટે) ધાર્મિક શિક્ષણવર્ગ, સાંસ્કૃતિક-કાર્યક્રમ, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની દિગંબર જૈન ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ—ઈત્યાદિ અનેકવિધ કાર્યક્રમનો પણ સર્વેને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ રાગકા નાશ કરનેકા આત્માકા સ્વભાવ હૈ ઐસા કહનેમેં આતા હૈ લેકિન પરમાર્થસે ખરેખર તો આત્માકા રાગકો નાશ કરનેકા સ્વભાવ હૈ હી નહિ. ઉત્પન્ન કરનેકા હી સ્વભાવ નહિ તો રાગ કો નાશ કરનેકા ભી સ્વભાવ હૈ હી નહીં. સ્વભાવમાં વિભાવ હૈ હી નહિ, તો નાશ કૈસે કરે? વ્યવહારસે કહનેમેં આતા હૈ લેકિન ખરેખર તો નાશ કરનેકા સ્વભાવ હી નહીં. સ્વભાવમેં વ્યવહાર હૈ હી નહીં, તો નાશ કૈસે કરે? સમયસાર ગાથા ૩૪મેં કહા હૈ કિ રાગકા ત્યાગ નામમાત્ર હૈ, સ્વભાવ નહીં. ૩૫૯.

❀ પાણી પીવાથી તૃષા મટે છે, ખોરાક ખાવાથી ભૂખ મટે છે, દવા પીવાથી રોગ મટે છે—એમ સંસારમાં બધી ચીજોનો વિશ્વાસ કરે છે. એ વિશ્વાસના બળે તે તે ચીજો મેળવવા લક્ષ જાય છે. તેમ આત્માનો વિશ્વાસ આવવો જોઈએ કે હું પોતે જ જ્ઞાનાનંદ સ્વરૂપ છું, હું પોતે જ પરમાત્મસ્વરૂપ છું ને રાગાદિ સ્વરૂપે નથી—એવું અંતરથી વિશ્વાસનું બળ આવવું જોઈએ. પોતાની પરમેશ્વરતાનો વિશ્વાસ...વિશ્વાસ....એ વિશ્વાસનું જોર એને અંતર્મુખ લઈ જાય છે. ૩૬૦.

❀ ખરેખર તો, એકાકાર અખંડ જ્ઞાયકભાવનું સેવન કરે ત્યારે જ મોક્ષમાર્ગની પર્યાય પ્રગટે છે. તે પહેલાં મોક્ષમાર્ગની પર્યાય જ પ્રગટતી નથી, તો તેનું સેવન શી રીતે કરે? અભેદ આત્માના સેવનથી મોક્ષમાર્ગની પર્યાય પ્રગટે છે તેથી વ્યવહારથી એમ ઉપદેશ કરવામાં આવે છે કે મોક્ષમાર્ગનું સેવન કરો. પરમાર્થદૃષ્ટિથી જોતાં મોક્ષમાર્ગરૂપ પર્યાય પણ આશ્રય કરવા લાયક નથી. એક માત્ર અખંડ, અભેદ, એકસ્વભાવી આત્મા જ પરમાર્થે સેવવા યોગ્ય છે. ૩૬૧.

❀ એકવાર પરને માટે તો મરી જવું જોઈએ. પરમાં મારો કાંઈ અધિકાર જ નથી. અરે ભાઈ! તું રાગને ને રજકણને કરી શકતો નથી એવો જ્ઞાતા-દૃષ્ટા પદાર્થ છો. એવા જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવની દૃષ્ટિ કર, ચારે બાજુથી ઉપયોગને સંકેલીને એક આત્મામાં જ જા. ૩૬૨.

## ✻ ....તો ફરી જન્મ લેવો જ ન પડે ✻

અજ્ઞાનીઓ જીવવાને લક્ષે જીવી રહ્યા છે એટલે તેને મરણ ગમતું નથી. મરણ આવ્યે પણ તેને જીવવાનું લક્ષ રહ્યા કરે છે. જ્ઞાનીઓ તો મરવાના લક્ષે જ જીવે છે. એટલે આગળથી અજમાયશ અને અખતરા તૈયાર કરી રાખેલ છે; પછી તે મરણને આનંદથી વધાવી લે છે, તેને મરણનાં છેલ્લા ટાણાં બહુ મહોત્સવના હોય છે; તેથી આનંદથી દેહને છોડે છે. જીવવાના ભાવે તો અનંત વખત જીવ્યો, પણ મરવાના ભાવે કોઈ વખત જીવ્યો નથી. મરવાના ભાવે જીવે તો ફરી તેને જન્મ લેવો જ ન પડે.

*—કરુણાસાગર ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

❀ ❀ ❀

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]
Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 244662
Copies : 5250